


આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી મિડિયમ) (વેદ ગ્રુપ) દ્વારા ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦ના દિવસે 'Best out of Waste' એક્ટિવીટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને વેસ્ટ મરીટીયલ્સમાંથી જુદી જુદી વસ્તુઓ જેમ કે જાર, પેન સ્ટેન્ડ, ઈલેકટ્રિક ફેન, લેપટોપ બનાવી હતી. આ એક્ટિવીટીનો મુખ્ય હેતુ બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય તેમજ નકામી વસ્તુનો સદુપયોગ થાય તેના વિશે માહિતગાર કરવાનો હતો.

# અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ દ્વારા થેલેસેમીયા ચેકઅપ કાર્યક્રમ



ગાંધીનગર,તા. ૨૫

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા થેલેસેમિયા ચેક અપ ટેસ્ટનો કાર્યક્રમ યોજાયો હતો. દર વર્ષે એન.એસ.એસ. દ્વારા થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવે છે. અને ત્યારબાદ તેના ચેક-અપનો ટેસ્ટ પણ કરવામાં આવે છે. ૨૭૩ જેટલા વિદ્યાર્થીઓએ આ થેલેસેમિયાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન રેકક્રોસ સોસાયટી, ગાંધીનગર શાળાના સહયોગથી અને એન.એસ.એસ. યુનિટ અને રોટરી કલબ ગાંધીનગર દ્વારા સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યુ હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર શાળાના પ્રમુખ જીલુભા ધાંધલ, રોટરી કલબના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અશ્વિનભાઈ દવે, મિલુન્દ વોરા ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે યુક્તા પટેલ, પ્રેક્ષા માવાણી, આશીષ પટેલ, દિનેશ પટલે, રીના ડાયાણી, અવની ભૂવા, કનીકા પટેલ, અનેરી પટેલ, રેખા સોલંકી, આરતીબા જાડેજા, ખેની



ઉમંગ, કૃતિક પટેલ અને સ્ટુડન્ટ કાઉન્સિલના સભ્યોએ મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. આવા પ્રસંશનીય અને સરાહનીય કાર્ય કરવા માટે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન આપ્યા હતા.

# જન્મદિને વધામણી



એલ એન પરમાર



કીર્તિરાજ મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



વ્યોમ વિપુલભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



સંજીવની રાકેશભાઈ પગી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આદર્શ નિવાસી શાળા સે-૮ ખાતે સીવીલ ડીફેન્સની તાલિમ

## ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ૧૦૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ



ગાંધીનગર, તા. ૨૫

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૮, આદર્શ નિવાસી શાળાની ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને તા. ૧૮-૧-૨૦થી ૨૩-૧-૨૦ નાગરીક સરંક્ષણ કચેરી, ગાંધીનગર યુનીટ તરફથી નાગરીક સરંક્ષણની બેઝીક તાલીમનુ આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થિનીઓ અને લાયોનેસ ક્લબના સભ્યોને રેસ્ક્યુ, ફાયર ફાઈટીંગ, પ્રાથમીક સારવાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને યુદ્ધ સમયે નાગરીકોનું સરંક્ષણ કેવી રીતે કરવું તે અંગેની બેઝીક તાલીમ આપવામાં આવેલ. જેનું આયોજનના પોલીસ ઈન્સ્પેક્ટર દિગ્વીજયસિંહ ઝાલા, સીવીલ ડિફેન્સના ઓફીસર (વોર્ડન) શ્રીમતી અંજના સી. નિમાવત દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાયોનેસ પ્રમુખ દક્ષા જાદવ દ્વારા કરવામાં આવેલ. સદરહુ તાલીમમાં નાગરીક સંરક્ષણના સીવીલ ડિફેન્સ ઈન્સ્ટ્રકટરની ઉત્કર્ષ ગુપ્તાએ તાલીમ આપી આશરે ૧૦૦ તાલીમાર્થીઓને કટોકટી સમયની પ્રતિક્રિયાના રક્ષણાત્મક નિવારણ અને પરિસ્થિતિને પુનઃ સ્થાપિત કેવી રીતે કરી શકાય તે અંગેની સવિસ્તાર માહિતી આપવામાં આવેલ, તેમજ સીવીલ ડિફેન્સમાં સ્વયંસેવક તરીકે જોડાઈને રાષ્ટ્રીય કામગીરી કરવાની અપીલ કરી હતી.

લાયોનેસ ક્લબના મેમ્બર પ્રીતી શર્મા, વીણાબેન વોરા, જાગૃતિ પરમારે પણ પુરતો સહયોગ આપ્યો હતો.

# મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલમાં રક્તદાન શિબિર




ગાંધીનગર, તા. ૨૫

પ્રજાસત્તાક દિનની ઊજવણી નિમિત્તે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કલોલ તરફથી સેક્રેટરી ડૉ. દિલીપ દવે અને તેમના સભ્યો દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલના આચાર્ય ડૉ. રાજી ડેનિશ અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલી તેમજ સ્ટાફ દ્વારા ઉત્સાહ ભેર રક્તદાન શિબિરમાં ૪૪ રક્તદાતાઓએ ભાગ લીધો હતો. આ રીતે રક્તદાન કરીને મધર ટેરેસા સ્કૂલે 'રક્તદાન મહાદાન' સૂત્રને સાબિત કરી બતાવ્યું હતું.



ઈન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ રિસર્ચ ખાતે યોજાયેલ 'ઈનોવિઝ : કોમ્પિટીશનમાં' ગાંધીનગરની તમામ કૉલેજોના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં નવગુજરાત કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા અદ્‌ભુત દેખાવ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતું. જેમાં કૉલેજની વિદ્યાર્થીની 'વર્મા શિવાંગીની'ને સ્ટોક ટ્રેડિંગ સ્પર્ધામાં ત્રીજા ક્રમાંકે રોકડ પુરસ્કાર તથા ટ્રોફિ માનનીય મંત્રી રમણલાલ વોરાના હસ્તે એનાયત થઈ હતી. આ ઉપરાંત બિઝનેશ ક્વિઝ કોમ્પિટીશનમાં ૧. બિહોલા અભયસિંહ સુરેન્દ્રસિંહ, ૨. બિહોલા જયદેવસિંહ રોહિતસિંહ, ૩. ડામોર ચારુલત્તા વિષ્ણુભાઈ દ્વિતીય ક્રમે વિજેતા બન્યા હતા.

# કલા મહાકુંભ-૨૦૨૦ વકતૃત્વમાં પ્રથમ




ગાંધીનગર, તા. ૨૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગર સંચાલિત કલા મહાકુંભ-૨૦૨૦માં ઝોન કક્ષાએ ઉંમર ૬ થી ૧૪ વર્ષના વયજૂથમાં વકતૃત્વ સ્પર્ધામાં ગજ્જર મીત ધર્મેશકુમારે પ્રથમ નંબર મેળવ્યો હતો. ગજ્જર મીત ગાંધીનગરમાં કલવર ગ્રુપ, આત્મન ફાઉન્ડેશન, સંસ્કાર ગ્રુપ, મહાનગરપાલિકાની પ્રવૃત્તિઓ, ગાંધીનગર ચિલ્ડ્રન કલબ (જીસીસી), વાંચન શિબિર, પુસ્તક પરબ, વગેરે બાળકેન્દ્રીત પ્રવૃત્તિઓ કરતા ગ્રુપોમાં પણ સક્રિય છે. પરિવારજનો, સમાજના અગ્રણીઓએ ગજ્જર મીતને અભિનંદન પાઠવ્યા હતા.

# કલાપી : ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના શાશ્વત કવિ




આજના પ્રજાસત્તાક દિવસે આજથી ૧૪૬ વર્ષ પહેલાં ૧૮૭૪ની સાલમાં રાજવી ઘરાનામાં જન્મેલા અને ગઝલનો અસલ મિજાજ દુનિયાને દેખાડનાર એક રાજવી અને પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ વિશેના કાવ્યો રચનાર ઋજુ અને સંવેદનશીલ સ્વભાવના શાશ્વત કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ 'કલાપી'નો જન્મ અમરેલી પાસેના લાઠી ગામે થયેલ. અંગત શિક્ષકો પાસેથી સંસ્કૃત, ઉર્દૂ, ફારસી સાહિત્યનો અભ્યાસ કર્યો



અને માત્ર ૧૮ વર્ષની વયે તેમણે કાવ્યો રચવાની શરૂઆત કરી હતી. તેમની રચનાઓમાં તેમના આયુષ્યનાં આઠેક વર્ષના અંગત પ્રેમજીવનનો ચિતાર જોવા મળે છે. તેમની યુવાન હૃદયની સુકોમળ ઊર્મિઓ સરળ અને સહજ સુમધુર બાનીમાં કવિતારૂપે લખાયેલી જે આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની, આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની.

માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

માશુકાને સંબોધીને લખાયેલ તેમની આ ગઝલ પરમાત્માને પણ એટલી જ સ્પર્શે છે. કલાપીની આ છેલ્લી કૃતિ ગણાય છે. જેમ વૈષ્ણવ સાધના, ખ્રિસ્તી સાધના અને સુફીઓને મન પ્રેમિકા જ પરમાત્મા છે તેમ આ ગઝલ પ્રેમિકા રૂપી પરમાત્માને ઉદ્દેશીને રચાયેલ છે. ગાંધીજીને કલાપીની આ કૃતિ ગમતી હતી અને તેઓ તેને ' આશ્રમ ભજનાવલી' માં સામેલ કરવા માગતા હતા.

તેમણે કાશ્મીરનો પ્રવાસ કરેલો તે વખતે ત્યાં ત્રાસવાદ, અશાંતિ અને વિવાદનું નામ જ નહોતું. પ્રવાસનની સુવિધાઓ ન હતી. ફકત અને ફકત કુદરતી સૌંદર્ય જ હતું. કાશ્મીરનું પ્રવાસવર્ણન જેમાં જેલમ નદીનો પ્રવાહ, ડાલ સરોવર, કાશ્મીરમાં માંજી લોકોની સ્થિતિ વિશેની માહિતી પોતાના શિક્ષક નરહર જોશીને પત્રસ્વરૂપે લખેલ હતી. તેમાં તેમણે કાશ્મીરને સ્વર્ગ ગણતાં લખ્યું છે કે 'કાશ્મીર એક કુદરતી વાડી છે, પણ તેની જરા પણ સંભાળ લેવાતી નથી. નહિ તો ઝાડ પરથી સોનું ઉતરે તેવું છે. ઈટાલીના પ્રદેશો કરતાં હજાર ઘણો ફ્‌ળદ્રુપ છે. ખરું જોતાં આ સ્વર્ગનો દરેક ડુંગર સોનાનો જ બનેલો છે અથવા સુવર્ણની બીજી ગુપ્ત લંકા છે. પણ તેના પર વિભીષણ જેવો રાજા જોઈએ, જેથી રામની કૃપા થાય.'

ટૂંકા આયુષ્યમાં ગુજરાતી સાહિત્યને અમુલ્ય નજરાણાં ભેટ ધર્યાં. તેમની કૃતિઓમાં ૧૮૯૨ થી ૧૯૦૦ સુધીની એમની કાવ્યરચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે ૧૯૦૩માં મરણોત્તર પ્રકાશન થયું. તેમાંની કવિતા ' એક ઘા':

તે પંખીની ઉપર પથરો ફેકતાં ફેકી દીધો, છૂટયો તે ને અરરર! પડી ફાળ હૈયા મહીં તો!

રે રે! લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઈ જાતાં, નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

દર્દીના દર્દની પીડા વિધિને ય દિસે ખરી,
અરે ! તો દર્દ કાં દે છે, ને દે ઔષધ કાં પછી?

કલાપી, બાલાશંકર અને મણીલાલની ત્રિપુટી એ ગઝલ સાહિત્યના પાયાના કવિઓ છે. તેમ જણાવતાં કવિ ડૉ. રશીદ મીર લખે છે કે ગુજરાતી ગઝલનો આરંભ બાલાશંકરથી થયો પણ તેનો અસલ મિજાજ કલાપીની ગઝલોમાં જોવા મળે છે.

ગ્રીક વિચારક અને ફિલસૂફ પ્લેટો અને સ્વિડનબોર્ગના તત્વચિંતનના અભ્યાસથી તેઓ આધ્યત્મિકાતા વળેલા. સ્વિડનબોર્ગનો ધર્મવિચાર એ તેમના દ્વારા કવિ કાન્તને લખાયેલો પત્ર છે. ત્યારબાદ તેમના જીવનના છેલ્લા બે વર્ષમાં તેમણે મોટાભાગે પ્રભુભક્તિ અને આધ્યાત્મકલક્ષી કવિતાઓ લખેલ.

આંતરિક સૌંદર્ય સાથે પરમાત્મમાને જોડી દે એવા મનના અને આત્માના સૌંદર્યની વાત કવિ કલાપીએ ખુબ સુંદર રીતે કરી છે:

સૌન્દર્યો વેડફી દેતા ના, ના, સુંદરતા મળે! સૌંદર્યો પામતા પહેલા સૌંદર્ય બનવું પડે.

ગાંધીજીને પ્રણય-કાવ્યો પ્રત્યે પહેલેથી જ અણગમો હતો અને તેમાં કોઈએ ગાંધીજીની આગળ કલાપીના વખાણ કર્યા. ત્યારે જવાબમાં ગાંધીજીએ કહ્યું કે ' આવા રાજવીઓ હોય તો સ્વરાજ ક્યાંથી મળે ?' એના જવાબમાં કવિશ્રી ન્હાનાલાલે કહ્યું કે ' આવા રાજવી વિનાનું સ્વરાજ શું કામનું ? '

ફકત એક રાતની ટૂંકી માંદગી બાદ સને ૧૯૦૦ની નવમી જુન ના રોજ માત્ર ૨૬ વર્ષની ઉંમરે કલાપી આ દુનિયા છોડી ગયા. અગાઉથી પોતાના મૃત્યુનો આભાસ તેમને થઈ ગયો હોય તેમ તેમણે લખેલું કે:

બાલ્યા ગઈ જ, ગત યૌવન છે થયું, ને
મૃત્યુ તણાય પડઘા શ્રવણે સુણાતા;
ત્હોયે રહે તરસમાં મરતો બપૈયો,
ને પિંજરા હૃદયને ફરિયાદ રોવી !
હું જાઉ છું, હું જાઉ છું, ત્યાં આવશો કોઈ નહિ,
સો સો દિવાલો બાંધતા, પણ ફાવશો કોઈ નહી.

કવિની જન્મથી મૃત્યુ સુધીનો ઈતિહાસ, જીવન સાથે સંબંધ ધરાવતી ચીજો, તેમના હસ્તે લખેલા કાવ્યો, પત્રો, તેમનો રાજ મહેલ, તેઓ જ્યાં બેસીને કાવ્યો લખતા તે સરોવર, રાજાશાહી કાળનું રાચરચીલું વગેરે લાઠી ખાતે સરકાર, સમાજના શ્રેષ્ઠીઓ અને કલા રસીકો દ્વારા કલાપીની યાદમાં બનાવેલ કલાપી તીર્થ સંગ્રહાલયમાં સચવાયેલ છે. એમની યાદમાં ગઝલ માટે 'કલાપી' એવોર્ડ આપવામાં આવે છે અને ૧૯૬૬માં તેમના જીવન કવનને આલેખતું અને સંજીવકુમાર અભિનિત ગુજરાતી ચલચિત્ર 'કલાપી ' બનેલ છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧